સી.ડી.પી.૧૪ "મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન" યોજના અંતર્ગત રાજયની તમામ ગ્રામ પંચાયતોના વિસ્તારમાં સ્વચ્છતાનું સ્તર ઉંચુ લઇ જવા માટે ડોર-ટુ-ડોર કચરાનું કલેકશન કરીને એકત્રિત કરેલ કચરો લેન્ડફીલ સાઇટ સુધી લઇ જવા પરિવહન સહાય માટે રૂા.૮૪.૦૦/-કરોડ તથા રાષ્ટ્રીય તહેવાર નિમિતે સફાઇ કામગીરી માટે અને કુદરતી આપત્તિ જેવી કે વાવાઝોડુ, પૂર, અતિવૃષ્ટિની સ્થિતિમાં સ્વચ્છતા સબંધિત રૂા.૬.૦૦/-કરોડ મળી કુલ રૂા.૯૦.૦૦/-કરોડની વર્ષ ૨૦૧૬-૧૭ની નવી બાબતને વહીવટી મંજૂરી આપવા બાબત.

ગુજરાત સરકાર
પંચાયત ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામવિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંક - મસમ/૨૦૧૫/૪૦૨૩/ચ
સચિવાલય, ગાંધીનગર.
તા.૨૨/૦૪/૨૦૧૬

**વંચાણે લીધા -**

૧. પં.ગ્રા.ગૃ.નિ. અને ગ્રા.વિ.વિ.નો ઠરાવ ક્રમાંક - પરચ/૨૦૧૪/૯૯/ચ, તા.૦૨/૦૮/૨૦૧૪.

૨. પં.ગ્રા.ગૃ.નિ. અને ગ્રા.વિ.વિ.નો ઠરાવ ક્રમાંક - પરચ/૨૦૧૪/૨૪૬૮/ચ, તા.૦૨/૦૫/૨૦૧૫.

૩. વિકાસ કમિશ્નરશ્રીની કચેરી, ગાંધીનગરનો પત્ર ક્રમાંક-વિક/પંચાયત/યુ.૧/એમ.જી.એસ.એમ./નવી બાબત/વશી/૨૬૯/૨૦૧૬, તા.૦૪/૦૨/૨૦૧૬.

**આમુખ -**

ગ્રામ્ય વિસ્તારમાં સ્વચ્છતાનું સ્તર ઉંચુ લઇ જઇ ગ્રામ્ય લોકોના આરોગ્યમાં સુધારો કરવા અને વધુ સારા સ્વસ્થ સમાજનું નિર્માણ કરવા "મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન" યોજના અંતર્ગત કચરાનું ડોર ટુ ડોર કલેકશન થાય, ગ્રામ્ય વિસ્તારમાં શેરીઓની સફાઇ થાય, લોકોની બિમારીનું પ્રમાણ ઘટે અને પાણીજન્ય/સફાઇ સબંધિત રોગચાળામાં અંકુશ આવે, સફાઇ વેરો/ગટર વેરો નાખવાનું પંચાયતોને પ્રોત્સાહન મળે, ગ્રામ પંચાયતનું સશકિતકરણ થાય, લોકોમાં સફાઇ પ્રત્યે સભાનતા અને જાગૃતિ આવે તથા સૉલિડ વેસ્ટ મેનેજમેન્ટ માટે ગ્રામ પંચાયતોને સફાઇના સાધનો પૂરા પાડી એકત્રિત કરેલ કચરો લેન્ડફીલ સાઇટ સુધી લઇ જવા પરિવહન સહાય આપીને તથા "ઉકરડા વ્યવસ્થાપન કરીને ઉકરડા મુકત ગામ" બનાવવા માટે સફાઇને લગતા કામો હાથ ધરીને સફાઇ ક્ષેત્રમાં રોજગારીનું સર્જન કરીને વધુ સારા સ્વસ્થ સમાજનું નિર્માણ કરવા માટે ઉપર્યુકત વંચાણે લીધા ક્રમ-(૧) પરના તા.૨/૮/૨૦૧૪ ના ઠરાવથી પ્રથમ તબકકામાં ૫૦૦૦ કે તેથી વધુ વસ્તી ધરાવતી ગ્રામ પંચાયતોને ડોર ટુ ડોર કચરાનું

કલેકશન કરીને એકત્રિત કરવામાં આવેલ કચરો લેન્ડફીલ સાઇટ સુધી લઇ જવા માટે પરિવહન સહાય વ્યકિતદીઠ માસિક રૂ.૨/-ની સહાય આપવા બાબતે યોજના અમલમાં મૂકવામાં આવેલ છે.

એજ રીતે ઉપર્યુકત વંચાણે લીધા ક્રમ-(૨) પરના તા.૦૨/૦૫/૨૦૧૫ના ઠરાવથી ૨૦૦૧ થી ૫૦૦૦ સુધીની વસ્તી ધરાવતી ગ્રામ પંચાયતોને ડોર ટુ ડોર કચરાનું કલેકશન કરીને એકત્રિત કરવામાં આવેલ કચરો લેન્ડફીલ સાઇટ સુધી લઇ જવા માટે પરિવહન સહાય વ્યક્તિદીઠ માસિક રૂ.૨/-ની સહાય આપવાની યોજના અમલમાં મૂકવામાં આવેલ છે. રાજય સરકાર દ્વારા આ યોજનાને તબકકાવાર આગળ વધારીને આ યોજનાનો લાભ રાજયની તમામ ગ્રામ પંચાયતોને આપવાના ઉદ્દેશથી રાજયની તમામ ગ્રામ પંચાયતોમાં ગ્રામ્ય વિસ્તારમાં ડોર ટુ ડોર કચરાનું કલેકશન કરીને એકત્રિત કરવામાં આવેલ કચરો લેન્ડફીલ સાઇટ સુધી લઇ જવા માટે પરિવહન સહાય વ્યકિતદીઠ માસિક રૂ.૨/-ની સહાય પેટે રૂ.૮૪/-કરોડ અને રાષ્ટ્રીય તહેવાર નિમિતે સફાઇ કામગીરી માટે તથા કુદરતી આપત્તિ જેવી કે વાવાઝોડુ, પૂર, અતિવૃષ્ટિની સ્થિતિમાં સત્વરે સ્વચ્છતા અભિયાન પેટે રૂ.૬/-કરોડ એમ કુલ રૂ.૯૦/-કરોડની નવી બાબત તરીકેની નાણાંકીય જોગવાઇ વર્ષ ૨૦૧૬-૧૭ના અંદાજપત્રમાં કરવામાં આવેલ હતી. આ બાબતે ખર્ચ કરવાની વહીવટી મંજૂરી આપવા ઉપર્યુકત વંચાણે લીધા ક્રમ-(૩) પરના પત્રથી વિકાસ કમિશ્નરશ્રી, ગાંધીનગર દ્વારા દરખાસ્ત કરવામાં આવેલ.

વિકાસ કમિશ્નરશ્રી, ગાંધીનગરની ઉપર્યુક્ત દરખાસ્ત ધ્યાને લઇને **"મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન"** અંતર્ગત ડોર-ટુ-ડોર કચરા કલેક્શનની યોજના અમલમાં મૂકવાની બાબત વિચારણા હેઠળ હતી. જેને પુખ્ત વિચારણાને અંતે નીચે મુજબની શરતો અને યોજનાની અમલીકરણની ગાઇડલાઇન મુજબ કામગીરી કરવાની શરતે સને ૨૦૧૬-૧૭ના અંદાજપત્રમાં થયેલ બજેટ જોગવાઇ રૂ.૯૦/-કરોડની નવી બાબતને ખર્ચ કરવાની આથી વહીવટી મંજૂરી આપવાનું ઠરાવવામાં આવે છે.

**ઠ રા વ -**

ડોર ટુ ડોર કચરાનું કલેકશન કરીને તથા ગામની શેરીઓની સફાઇ કરીને લેન્ડફીલ સાઇટ સુધી કચરો લઇ જવા માટે વર્ષ ૨૦૧૬-૧૭થી રાજયની તમામ ગ્રામ પંચાયતોને ડોર-ટુ-ડોર કચરાનું કલેકશન કરવા માટે, સફાઇના સાધનો અપાવવા માટે તથા એકત્રિત કરેલ કચરો લેન્ડફીલ સાઇટ સુધી લઇ જવા પરિવહન સહાય માટે જરૂરી વ્યવસ્થા કરવા માટે (માણસો-સાધનો-ટ્રેકટર-આઉટસોર્સિંગ વ્યવસ્થા) વ્યકિતદીઠ માસિક રૂ.૨/-(અંકે રૂપિયા બે)ની સહાય આપવાનું આથી ઠરાવવામાં આવે છે.

આ યોજના **"મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન અંતર્ગત ડોર-ટુ-ડોર કચરા કલેક્શનની યોજના"** તરીકે ઓળખાશે.

**અ મ લી ક ર ણ -**

૧. ગ્રામ પંચાયત સફાઇ કર ફરજીયાત વસૂલ કરતી હોવી જોઇએ. જો સફાઇ કર વસૂલ કરતી ન હોય તો સફાઇ કર દાખલ કરવાની પ્રક્રિયા શરૂ કરવાની રહેશે.
૨. સંબંધિત ગ્રામ પંચાયતમાં લેન્ડફીલ સાઇટ નકકી થયેલી હોવી જોઇએ.
૩. લેન્ડફીલ સાઇટ મનરેગાની ગ્રાન્ટમાંથી કન્વર્ઝન્સથી પણ બનાવી શકાશે.
૪. ગામની શેરીઓની નિયમિત રીતે સફાઇ થતી હોવી જોઇએ.

૫. ડોર ટુ ડોર કલેકશન કર્યા બાદ કોઇ એક જગ્યાએ કચરો એકત્રિત કરવાનો રહેશે અને એકત્રિત કચરો લેન્ડફીલ સાઇટ સુધી નિયમિત લઇ જવામાં આવતો હોવો જોઇએ.

૬. લેન્ડફીલ સાઇટ સુધી કચરો લઇ જવા માટે ટ્રેકટર કે અન્ય સાધન કે અન્ય વિકલ્પ સાથે મજૂરો સહિતની કામગીરી આઉટસોર્સથી કરવાની રહેશે.

૭. જિલ્લા પંચાયતને ફાળવવામાં આવનાર ગ્રાન્ટ જિલ્લા પંચાયત તરફથી તાલુકા પંચાયતને પ્રથમ બે કવાર્ટરમાં વિના વિલંબે ફાળવવાની રહેશે. તાલુકા વિકાસ અધિકારીશ્રીએ આ બંને કવાર્ટરની ગ્રાન્ટ ગ્રામ પંચાયતને વિના વિલંબે ફાળવવાની રહેશે. જેમાં, સબંધિત કામ કરતી શાખા અને હિસાબી શાખાના સંકલનના અભાવે ગ્રાન્ટની ફાળવણી વિલંબથી થાય નહીં તે અંગે ખાસ તકેદારી રાખવાની રહેશે.

૮. ગ્રામ પંચાયતને ગ્રાન્ટ મળ્યા બાદ ડોર ટુ ડોર કલેકશનની કામગીરી તુર્તજ શરૂ કરીને તાલુકા વિકાસ અધિકારીશ્રીને જાણ કરવાની રહેશે.

૯. સંબંધિત ગ્રામ પંચાયત ડોર ટુ ડોર કચરાનું કલેકશન કરે છે કે કેમ ? તેની બીજા કવાર્ટરના અંતમાં વિસ્તરણ અધિકારી કક્ષાના કર્મચારીઓ મારફત્ ચકાસણી કરાવવાની રહેશે. જે ગ્રામ પંચાયત ધ્વારા ડોર ટુ ડોર કલેકશનની કામગીરી શરૂ થયેલ નહીં હોય, અને જે ગ્રામ પંચાયતમાં વણવપરાયેલ બચત રકમ તરીકે ગ્રાન્ટ જમા રહેલ હશે તે ગ્રામ પંચાયતોની ગ્રાન્ટ તે તાલુકાની બાકીની ડોર ટુ ડોર કલેકશનની કામગીરી કરતી ગ્રામ પંચાયતોને સપ્રમાણ રીતે બચત ગ્રાન્ટની ઉપલબ્ધતા અનુસાર સબંધિત તાલુકા પંચાયત મારફત જિલ્લા પંચાયત તરફથી ફાળવી દેવામાં આવશે. જેમાં ડોર ટુ ડોર સારી કામગીરી કરતી ગ્રામ પંચાયત, નિર્મળ ગામ પુરસ્કાર, પંચાયત સશક્તિકરણ પુરસ્કાર, રાષ્ટ્રીય ગૌરવ ગ્રામસભા એવોર્ડ પુરસ્કાર મેળવેલ હોય તેવી ગ્રામ પંચાયતોને પ્રાધાન્ય આપવાનું રહેશે અને ગ્રાન્ટ ફાળવણી અંગેનું વિગતવાર પત્રક વિકાસ કમિશ્નરશ્રીની કચેરીને મોકલી આપવાનું રહેશે.

૧૦. વિસ્તરણ અધિકારીશ્રીઓ કક્ષાના કર્મચારીઓને એક જ સાથે હુકમ કરીને દિન-૭માં ચકાસણીની કામગીરી પૂર્ણ કરાવીને તાલુકા વિકાસ અધિકારીશ્રીએ જિલ્લા વિકાસ અધિકારીશ્રીને વિગતવાર રિપોર્ટ કરવાનો રહેશે. જેથી, જિલ્લા પંચાયત આગળની ગ્રાન્ટ ફાળવણીની કાર્યવાહી સરળ રીતે કરી શકે.

૧૧. ડોર ટુ ડોર કલેકશન અંગે જે કાંઇ વધારાનો ખર્ચ થાય તે ગ્રામ પંચાયતે સ્વભંડોળમાંથી ભોગવવાનો રહેશે.

૧૨. આ કામગીરી ગ્રામ પંચાયત સ્વસહાય જૂથ / વિવેકાનંદ યુવક મંડળ / સખી મંડળ દ્વારા આઉટસોર્સથી કરાવી શકશે.

૧૩. ગ્રામ પંચાયત સદર ગ્રાન્ટમાંથી નીચે મુજબના ફકત સફાઇને લગતા કામો કરાવી શકશે.

(એ) ડોર ટુ ડોર ઘન કચરાના કલેકશનની કામગીરી માટે ગ્રામ પંચાયતમાં નોંધાયેલ ઘરોની યાદી બનાવીને એક ડસ્ટબીન સૂકા કચરા માટે અને બીજુ ડસ્ટબીન ભીના કચરા માટે આપવાનું આયોજન કરી શકાશે.

(બી) એકત્રિત થયેલ ઘન કચરાને લેન્ડફીલ સાઇટ સુધી લઇ જવા માટે (માણસો-સાધનો-ટ્રેકટર-આઉટસોર્સીંગ વ્યવસ્થા)ની જરૂરી વ્યવસ્થા કરી શકાશે.

(સી) ગામની શેરીઓની નિયમિત રીતે સફાઇ કરાવીને દરેક શેરીના નાકે એકત્રિત કરેલ કચરો લેન્ડફીલ સાઇટ સુધી લઇ જવા માટેના સાધનોની ખરીદી કરી શકાશે.

(ડી) એકત્રિત થયેલ કચરામાંથી લોખંડ, પતરાં, પ્લાસ્ટિક, પૂંઠા જેવી વસ્તુઓ અલગ તારવીને ગ્રામ પંચાયત મારફતે વેચાણ કરીને ગ્રામ પંચાયતની આવક ઉભી કરી શકાશે.

(ઇ) નગરપાલિકા સમકક્ષની અથવા વધુ પ્રમાણમાં જે ગ્રામ પંચાયતમાં કચરો એકત્રિત થતો હોય તે કચરાનો નિકાલ કરવાનો અને તેમાંથી જ ખાતર બની શકે અને ખાતરને વેચીને ગ્રામ પંચાયતની આવક ઉભી કરી શકાશે.

(એફ) ઉકરડા વ્યવસ્થાપન કરીને ઉકરડા મુકત ગામ બનાવવા માટે સફાઇને લગતા કામો કરી શકાશે.

(જી) સફાઇ ક્ષેત્રમાં રોજગારીનું સર્જન કરી શકાશે.

૧૪. ડોર ટુ ડોર કલેકશનની કામગીરી વધુ સુદ્રઢ અને અસરકારક બનાવવા વધારાના ખર્ચને પહોંચી વળવા ગ્રામ પંચાયત કુટુંબદીઠ ફાળો મેળવે તો તે આવકાર્ય રહેશે.

૧૫. ગ્રામ પંચાયત દ્વારા વસુલ થતા સ્વચ્છતા વેરાની રકમ પણ આ યોજના સાથે સાંકળવાની રહેશે.

૧૬. ડોર ટુ ડોર કલેકશન કરતી ગ્રામ પંચાયતોને મળતી ગ્રાન્ટનો ઉપયોગ ડોર ટુ ડોર કલેકશનના હેતુ માટે જ કરવાનો રહેશે. ખાસ કિસ્સાઓ જેવા કે અતિવૃષ્ટિ, પૂર, વાવાઝોડુ તેમજ રાષ્ટ્રિય તહેવારોના કિસ્સામાં આ ગ્રાન્ટના વધુમાં વધુ 30 ટકા સુધી ગામની સફાઇમાં પણ વાપરી શકાશે.

આ ઉપરાંત રાષ્ટ્રીય તહેવાર નિમિતે સફાઇ કામગીરી માટે તથા કુદરતી આપત્તિ જેવી કે વાવાઝોડુ, પૂર, અતિવૃષ્ટિની સ્થિતીમાં સ્વચ્છતા સબંધિત કામો હાથ ધરવા માટે આપાતકાલિન ભંડોળ તરીકે રાજય કક્ષાએ વિકાસ કમિશ્નરશ્રી, ગાંધીનગર હસ્તક રૂ.૬/-કરોડ (અંકે રૂપિયા છ કરોડ)ની ગ્રાન્ટ રાખવાની રહેશે. જે મુજબ જરૂરિયાતવાળા વિસ્તારોને ફાળવવા કાર્યવાહી કરાશે.

**શરતો -**

(૧) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રિય જોગવાઇને આધિન અને નાણાં વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ તથા આગામી નાણાંકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રિય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(3) આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૪) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાંકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં, બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ તમામ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) આ મંજૂરી અન્વયે ખરીદી કરવાની થતી હોય તો તે અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદનીતિની જોગવાઇઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૮) પ્રસ્તુત કામે ટેન્ડર પ્રોસેસિંગ બાબતમાં સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૨/૧૧/૨૦૦૬ના ઠરાવ ક્રમાંક – એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/ચ, અન્વયે "ઇ"-ટેન્ડરીંગ બાબતમાં કરવામાં આવેલ જોગવાઇઓ સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

આ યોજના અંગેનો ખર્ચ સને ૨૦૧૬-૧૭ના અંદાજપત્રમાં સામાન્ય સદરે માંગણી ક્રમાંક – ૭૦, મુખ્ય સદર – ૨૫૧૫ (અન્ય ગ્રામ વિકાસ કાર્યક્રમો), પેટા મુખ્ય સદર – ૦૦, ગૌણ સદર – ૮૦૦ ( અન્ય ખર્ચ), પેટા સદર – ૦૩, સી.ડી.પી. - ૧૪, આયોજન હેઠળ થયેલ રૂ.૯૦/-કરોડની જોગવાઇમાંથી કરવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૧૨/૪/૨૦૧૬ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(વનરાજસિંહ પઢારીયા)
નાયબ સચિવ
પંચાયત ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામવિકાસ વિભાગ

પ્રતિ,

- માન.મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, માન.મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી (પંચાયત)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે માન.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે માન.રા.ક.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, મુખ્ય સચિવશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી (પંચાયત)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી (ગ્રામ વિકાસ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે અધિક મુખ્ય સચિવશ્રીઓ/અગ્રસચિવશ્રીઓ/સચિવશ્રીઓ, સચિવાલયના તમામ વિભાગો.
- વિકાસ કમિશ્નરશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર.
- કમિશનરશ્રી, (ગ્રામ વિકાસ)ના અંગત સચિવશ્રી, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નાણાંકીય સલાહકારશ્રી(પંચાયત), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજય, અમદાવાદ/રાજકોટ.
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ. (વિકાસ કમિશ્નરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર મારફત...)
- સર્વે તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ. (સબંધિત જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ મારફત...)
- સર્વે ગ્રામ પંચાયતો. (સબંધિત તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ મારફત...)
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ.
- શાખા સિલેકટ ફાઇલ.